302

નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાના
<u>મહેકમમાં વધુ૧૦ ટકા કાપ બાબત.</u>
૧.નાયબ નિયામકશ્રી વર્ગ–૧,
૨.આચાર્યશ્રી,આદર્શ નિવાસી શાળા વર્ગ–૨

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ–૧૫૨૦૦૧–૧૮૪–અ(પાર્ટફાઈલ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– 9 MAR 2001

વંચાણે લીધા: (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧–૯–૯૯ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૫૯૧/૨૪૨/અ

(૨) સામાન્ય વહીવટ વિભાગની તા.૧/૨/૨૦૦૧,ક્રમાંક:પરચ–૧૦૯૯–૭૧–નો.યુ.૩ થી પરિપત્રિત તા.૧૮–૧–૨૦૦૧ ની સમિક્ષા સમિતિની બેઠકની કાર્યનોંધ.

(૩) તત્કાલીન સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૪–૧૨–૯૩ નો ઠરાવ ક્રમાંક: સશપ–૧૫૯૧–ન.બા.૧૪–અ.

(૪) તત્કાલીન સમાજ કલ્યાણ અને આદિવાતિ વિકાસ વિભાગનો તા.૪–૧૧–૯૩નો ઠરાવ ક્રમાંક:અનશ–૧૨૯૩–ન.બા.૨૯–ગ,

(૫) તત્કાલીન સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧–૧૨–૯૩ નો ઠરાવ ક્રમાંક: અનશ –૧૨૯૧ –ન.બા. ૨૯–૧૭૬૬–ગ.

(૬) તત્કાલીન સમાજ કલ્યાણ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૦–૬–૯૪ નો ઠરાવ ક્રમાંક:અનશ–૧૨૦૨–ન.બા.૯–ગ.

(૭) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણના તા.૧૩–૨–૨૦૦૧ ના પત્ર ક્રમાંક:વિજાક/મકમ/૨૦૦૦–૦૧/૩૦૦ અને ૩૦૧

આમુખમાં ક્રમાંક:(૧) આગળ દર્શાવેલ આ વિભાગના તા.૧–૯–૯૯ ના ઠરાવથી નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના મહેકમમાં નાંણા વિભાગના તા.૯–૯–૯૮ ના કરકસરના ઠરાવ અન્વયે કરવાના ૧૦ ટકા કાપ સંદર્ભે વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કુલ ૧૧૬૯ જગ્યાઓમાંથી ૧૦ ટકા કાપ મુજબ એકંદરે ૧૧૭ જગ્યાઓ નાણાં વિભાગના પરામર્શમાં રદ કરવામાં આવેલ છે. આ કાપ સંવર્ગવાર ન કરતાં ખાતાની વહીવટી અનુકુળતા ધ્યાને લઈ કુલ મહેકમમાં એકંદર ૧૦ ટકા કાપ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

(૨) આમુખમાં ક્રમાંક:(૨) આગળ દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગની ૨૦ ટકા કાપ અંગેની સમિક્ષા સમિતિની તા.૧૮–૧–૨૦૦૧ ની બેઠકની કાર્યનોંધથી સમિતિએ વિકસતિ જાતિ કલ્યાણ ખાતામાં નીચે મુજબ.

વર્ગ–૧ની

(૧) નાયબ નિયામકશ્રી વર્ગ–૧ (પ.ધો.રૂ.૮૦૦૦–૧૪૦૫૦) ની

(૧) વડી કચેરી ખાતેની એક જગ્યા અને

(૨) જીલ્લા કક્ષાએ વર્ગ–૧ માં અપગ્રેડ કરેલ એક જગ્યા અને

વર્ગ–૨ ની

(૨) (૧) સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૨ (વિ.જા.તાલીમ)ની ત્રણ જગ્યાઓ અને

(૨) આચાર્ય આદર્શ નિવાસી શાળા (વર્ગ:૨) ની ત્રણ જગ્યાઓ

રદ કરવા માટે ભલામણ કરી છે તેજ રીતે વર્ગ–૩ માં કરાયેલ ૩૦ જગ્યાના વધારાના કાપને અનુલક્ષીને વર્ગ–૩તથા વર્ગ–૪ ની જગ્યાઓ રદ ન કરવી જોઈએ તેવી સ્પષ્ટ ભલામણ હોવાથી વર્ગ–૩/વર્ગ–૪ માટે કાપનો પ્રશ્ન રહેતો નથી.

(૩) સમિતિની ઉપર્યુક્ત ભલામણોને અનુલક્ષીને આમુખમાં ક્રમાંક:૭ મુજબની નિયામકશ્રી,વિકસતીજાતિ કલ્યાણની દરખાસ્ત પરત્વે કાળજી પૂર્વકની વિચારણા બાદ વિકસતી જાતિ કલ્યાણના મહેકમના નીચે મુજબનો સંવર્ગવાર કાપ કરવામાં આવે છે:–

(૧) આમુખમાં ક્રમાંક:(૩) થી નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણની વડી કચેરી ખાતે ઉભી કરાયેલ નાયબ નિયામકશ્રી (મૂલ્યાંકન) વર્ગ–૧ (પ.ધો.રૂ.૮૦૦૦–૧૪૦૫૦) ની એક જગ્યા તા.૧–૩–૨૦૦૧ થી રદ કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

(૨) તેજ રીતે આમુખમાં ક્રમાંક:૪,૫ અને ૬ અન્વયે ઉભીકરાયેલ આચાર્યશ્રી–વર્ગ–૨ (પ.ધો.રૂ.૬૫૦૦–૧૦૫૦૦), આદર્શ નિવાસી શાળા, વિરમગામ,માળીયા અને દ્વારકાની એક–એક એમ કુલ ત્રણ જગ્યાઓ પણ તા.૧–૩–૨૦૦૧ થી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪) આ હુકમો ૨૦ ટકા કાપની માટેની સમિક્ષા સમિતિની ભલામણોને અનુલક્ષીને કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્ય પાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુનીલ સોની)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.નાયબ મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિકમુખ્ય સચિવશ્રી,(સા.વ.વિ/કગ),સચિવાલય, ગાંધીનગર.
(૪) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૫) સચિવશ્રી,સા.ન્યાય.અને.અધિકારીતા ,વિભાગ,સચિવાલય, ગાંધીનગર
(૬) સચિવશ્રી,(સેવા)સા.વ.વિ.સચિવાલય, ગાંધીનગર.
(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/ગાંધીનગર
(૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી,વિકસતીજાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
(૧૦) નાયબ નિયામકશ્રી(વિ.જા.)અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ,ભાવનગર અને જામનગર.
(૧૧) તમામ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.)
(૧૨) જીલ્લા તિજોરી અધિકારીશ્રી,અમદાવાદ,રાજકોટ,જામનગર
(૧૩) નોર્મ્સ યુનિટ–૩ સા.વ.વિ.સચિવાલય,ગાંધીનગર/ઝ.૧ શાખા,નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) નાણાં સલાહકારશ્રી,સા.ન્યાય. અને અધિ. સચિવાલય, ગાંધીનગર
(૧૫) વિભાગની ગ,અ–૧,જ અને સંકલન શાખાઓ.
(૧૬) મદદનીશ સીલેકટ ફાઈલ/શાખાના સીલેકટ ફાઈલ.

૧૮૪–એ